ચંદ્ર-કાન્તા નાટકના

ગાયનો.

વાંકાનેર "આર્યહિતવર્ધક" નાટક કંપનીને માટે

રચીને પ્રસિદ્ધ કરનાર.

રાવલ ચંપકલાલ દેવશંકર

તથા

ત્રવાડી ચંપકલાલ રામચંદ્ર.

વાંકાનેર આ૦ હિ૦ વ૦ નાટક કંપનીના મેનેજરે

આવૃત્તિ ૧ લી નકલ ૫૦૦૦

મુંબઈ

સરસ્વતી પ્રિંટિંગ પ્રેસમાં

છાપ્યા.

સંવત ૧૯૫૨ સને ૧૮૯૬

કિંમત બે આના.

૬૫૨૫

કાન્તા નાટકનો પ્રોગ્રામ

અંક પેહેલો

ા નટી ખેલના પ્રારંભમાં ઇશ્વરસ્તુતિ કરે છે.

ા પર્વતની ઉત્તર ક્ષિણમાંથી નીકળેલી અમોઘ નિર્મળ લ તરંગોવાળી સવિતા નદિના પૂર્વ કિનારે કુંદનપુર ૂતન નગ્ર હતું. તે શેહેરના રાયસિંહ રાજાની કચે- નીચ કુટીલ સોબતી વાલજી નામનો હજામ સદરહુ ાશેઠ રૂપચંદશાહની કુંવારી કન્યા "તારા" ના લાવી રાયસિંહને બતાવે છે. તેમજ તેની સૌંદર્યતા, ને મધુરતાનું અપૂર્વ વર્ણન કરે છે. તેથી આ રાજા મોહાંધ થઇ તે કન્યાને લાવવા હુકમ ા ઉપરથી પ્રધાન માધવરાય તેમજ સેનાપતિ આદિ દરબારીઓ ત્રાસ પામી રાજાને આ જુલમ નંતિ કરેછે પરંતુ કામ વશ થયેલ રાજા તેનો તેઓને રાજદ્રોહી ગણી નોકરીથી દુર કરે છે. અને ાએ હજામ વ્હાલજીને નીમે છે.

મોકલેલા માણુસો તરફથી પોતાની દીકરીના મા- ાથવાથી રૂપચંદશાહને પોકાર શેઠીઆઓનું ભેળું ર છોડવા વિચાર. દીવાન માધવરાવ તથા સેના

પતી શમશેર સિંહે આવી રૂપચંદ શાહને દિલ
રાને સાસરે મોકલી દેવાની સમજુત કરી
વીગેરે રાજાના મોકલેલા ખવાસોએ "તાર
રસ્તેથી જતાં મળેલા માજનમાં વરતાએલો ત્ર

૩ રાજ્યમાતા રૂપાળીબાનું માંદગી ગ્રહ, ડાકટ
દવાઓનો ઉપચાર. (રૂપાળીબાનાં) પુત્ર
ચંદ્રપ્રભાનો આક્રંદ રાયસિંહ આવે છે.
પુત્રી વિશે ભલામણ.

૪ રાજ્યના જનાનામાં દાખલ થએલી "તારા
બ્હાલજીની રખાત રાધા ખવાસણની વચ્ચે
રાજના નિમક હલાલ નોકર ગંગારામે દાખ
પ્રપંચી ખટપટથી વાકેફ થવું.

૫ ચંદ્રકાંત અને ચંદ્રપ્રભાને પોતાના પૂજ્ય ?
થતો અફસોસ, બ્હાલજીનું ગુપ્ત આવી ?
કાંતને રાધા મારફત તારાનું તેડું. માધ
સિંહને ચંદ્રકાંતની ભલામણ. રાધા અ
અને ચંદ્રકાં-તવિરૂદ્ધ સંકેત.

૬ બ્હાલજી અને રાધાનો તુચ્છ પ્યાર અને
શસ્ત્રો.

૭ તારાનો મ્હેલ. રાયસિંહનું આવવું. અ
ખોટા મનની પ્રીતિ, ચંદ્રકાંતનું આવવું.
આશક થવું. તારાનો તિરસ્કાર થતાં તેનો

હનુ આવવું. ચંદ્રકાંત ઉપર કલંક વાદળ અને દેશવટો. રાયસિંહના તેડાથી ચંદ્રપ્રભાનું આવવું અને ભાઇના દેશવટાથી તેનો કરૂણાજનક વિલાપ—જગતમાં થતી અનિતિની અવધી.

૮ વ્હાલજી અને તેના કેરી વ્યસનીઓનુ મંડળ અને તેઓની પાપી ચેષ્ટા.

૯ રત્નપુરીના કુમાર વિજયસિંહનું શિકારમાંથી ભુલું પડી ચંદ્રપ્રભાના બગીચામાં આવી નિદ્રાવશ થવું. (એ રાજકુમાર સાથે ચંદ્રપ્રભાનું સગપણ અગાઉ થયું હતું) ચંદ્રપ્રભા અને તેની સખીઓ વર્ષા વિનોદ ગરબાનું ગાવું. બાતમી લેવા રાધા (તારાની દાસી અને વાલજીની રખાત)નું ગુપ્ત આવવું. વિજયસિહ અને ચંદ્રપ્રભાનું ઓળખાણ પડતાં મળવું અને તેઓના શાસ્ત્રવિધિએ ગાંધર્વ લગ્ન, પ્રેમી જોડાંનો મેળાપ. રાધાની બાતમી પરથી રાયસિંહ તેમજ વ્હાલજીનું વિજયસિંહને પકડવા આવવું. વિજયસિંહનું કેદ થવું

અંક બીજો.

---

૧ જંગલ. ચોર લોકોની ટોળી. ચંદ્રકાંતનું આવવું. અને વિશ્રાંતિ લેવા સુઈ રહેવું. ત્યાં રત્નપુરના સરદાર હમીરસિંહની પુત્રી (કાન્તા)નું પોતાના માણસો સાથે આવવું. તેમનાપર ચોર લોકોનો હલ્લો. અને કાપાકાપીમાં ધીરસિંહનું ઘાયલ થવું. ચંદ્રકાન્તની મદદથી હરામખોરોનો પરાભવ કાંતા વિગેરેના આગ્રહથી ચંદ્રકાંતનું રત્નપુર જવું.

૨ રત્નપુરમાં હમીરસિંહનું ઘર. હમીરસિંહ અને તેની સ્ત્રી શશિવદનીની સાંસારિક ચર્ચા. ત્યાં કાન્તા ચંદ્રકાંત વિગેરેનું આવવું. પ્રભાકર (અહીં ચંદ્રકાન્ત છુપું રહેવા માટે પ્રભાકર નામ આપે છે) ના ઉપકાર અને પરાક્રમની તારીફ. અને તેને રહેવા સુચના. હમીરસિંહ અને ચંદ્રકાંતનું વસંતોત્સવના પ્રસંગે કુંદનસિંહની કચેરીમાં જવું.

૩ કુંદનસીંહ ના દરબારમાં સ્ત્રી વિલાસ વિષે સંવાદ. પ્રભાકરનું સ્પષ્ટિકરણ. અને નેક નોકરીમાં દાખલ થવું. વિજયસિંહ કેદ પકડાયાના સમાચાર. તેને છોડવવા હમીરસિંહના પુત્ર મનુભાનું જવું.

૪ ગંગા અને રંભા (કાન્તાની દાસીઓ) કાન્તા પ્રભાકર સાથે લગ્ન કરવા ઇચ્છેછે તે વિશે ચર્ચા. ગંગાનું પ્રભાકર પાસે જવું.

૫ પ્રભાકરનો પોતાની સાવકી માતાના જુલમ વિષે અફસોસ. ગંગાનું આવવું અને કાંતાને આવવાના પ્રભાકરને ખબર. કાન્તાનું આવવું અને પ્રભાકર પાસે પોતાની સાથે લગ્ન કરવાની તે વિષે પ્રભાકરનો વિવેકયુકત પ્રત્યુતર.

૬ કુંદનપુરના ગંગારામ ઉપર લાંચખાઉ જુલમી સિપાઇઓનો જુલમ. મનુભાનું ગંગારામને આવીમળવું.

૭ વાલીઆ હજામના ઘરમાં કેટલીએક બાબતોની બાતમી મેળવવ' મનુભા અને ગંગારામનું આવવું.

૮ તારાનું પોતાના યાર મેરના પ્યારમાં પડવું. રાયસિંહનું આવવું થતાં મેરનું કબાટમાં સંતાવું. તારાનો ધુણવાનો પાખંડ. મનુભા અને ગંગારામનું જોગી વેશે તારાનું દર્દ ટાળવા આવવું. અને પ્રપંચથી ચંદ્રપ્રભાને છોડવી જવું.

૯ વાલજી અને તેની માશુક રાધાનો સમાગમ.

૧૦ રાયસિંહની જેલમાંથી વિજયસિંહને મનુભાએ છોડવી જવું.

અંક ત્રીજો

---:o:---

૧ ચંદ્રપ્રભાને સ્વપ્નું થતાં ગંગારામ તરફથી તેને ધીરજ મળતાં વીજયસિંહ અને મનુભાનો અકસ્માત મેળાપ પાછળથી રાજભકત માધવરાય અને સમશેરસિંહનું આવી મળવું.

૨ કુંદનપુરમાં રાયસિંહને રાજ્યની ઉથલપાથલની શંકા માધવરાયનું મુકુંદ નામ ધારણ કરી ભવિષ્યવેત્તા બની આવવું અને પાપીઓના પાપનું પ્રદર્શીત કરવું રાયસિંહનો પશ્ચાતાપ.

૩ કાંતાની વ્રેહ પીડા અને પ્રભાકર સાથે વરવા દૃઢ પ્રતિજ્ઞા હમીરસિંહનું આવવું અને કાંતાની પ્રતિજ્ઞા છોડવવા પ્રયત્ન પ્રભાકરને હમીરસિંહનો તિરસ્કાર.

૪ કુંદનસિંહને વિજયસિંહ મનુભા ગંગારામ સમશેરસિંહ વગેરેનું આવી મળવું અને ચંદ્રકાંત પ્રગટ થવાની ખુશાલી.

૫ તારાના મ્હેલનો ગુપ્ત રીતે તપાસ કરવા રાયસિંહને દૃઢ નિશ્ચય.

૬ તારાનું પોગળ જાણી તારા અને તેના યાર મેરૂને ઠાર મારવા વાલીઆને દેશ પાર રાધાના નાક કાન કાપવા હુકમ. અસ્થીર સંસારથી કંટાળી રાયસિંહને રાજ્ય ત્યાગવા વિચાર તેમાં મુકુંદનુ અટકાવવું અને તેનું માધવરાય નામથી ઓળખાવું બાદ રાયસિંહનું રત્નપુર જવું.

૭ "ચંદ્રકાન્ત તથા ચંદ્રપ્રભા" બાઈ બ્હેનનો મેળાપ.

૮ હમીરસિંહે પોતાની પુત્રી (કાન્તા) સમર્પણ કરવા દૃઢ નિશ્ચય કાન્તા આગળ જાહેર કરવો અને ખોટો ઇન્સાફ આપ્યા બાબા તની માફી માગવી કાન્તા અને ચંદ્રકાન્તનો પ્રેમી મેળાપ.

૯ રાયસિંહ અને તેનાં બાળકો ચંદ્રકાન્ત તથા ચંદ્રપ્રભાનું પરસ્પર ભેટવું.

૧૦ પ્રેમી જોડાંનાં જાહેર લગ્ન અને ચંદ્રકાન્તનો રાજ્યાભિષેક આનંદની અવધિ.

॥ श्री जगदिश्वर प्रसन्नोस्तुः ॥

ચંદ્ર—કાન્તા નાટકનાં

ગાયનો.

---

(૧)

સુત્રધાર.—

મંગલ પ્રથમ નામ પ્રીતે, પર બ્રહ્મ સ્તવન કીજે
કવિ વાણિના વિરામ, સ્થાન ધ્યાનમાં ધરીજે
પૃથ્વી પાણી અગ્ની તેજ, વાયુ પંચ તત્વ એજ
સ્વેચ્છાએ શ્રષ્ટી સરજેલી, આપ ભિન્ન રૂપ ધારી
મિમાંસકો વિચારે કર્મ વદેછે વેદાંતી બ્રહ્મ
ન્યાયી કર્તા શૈવો શીવ, જાણી દેવ કરે શેવ
એવો જે ત્રૈલોકયનાથ, વંદુ તેને જોડી હાથ
માગું પાપ માફ પ્રભુ અર્જ આ સ્વિકારી લીજે

(૨)

નટી.—

આ ગ્રીષ્મ સમય રસિક હૃદય અતી સુખદ થતો
સુમંદ ગંધ પૂષ્પ તણો, વાયુ સિંચતો
અવલોકી ખરે ગુણ ગાન કરે, મન હર્ષ ધરે, ચિતમાંહી હરે
ઘણા દંપતી જનો અરે વાહ! વાહ! વાહ!
કિંચિત સુચ્મિત શિરીષ પૂષ્પ મધુકરો વડે

અણીદાર નાજુક રેષા તેનાં મનહરણ કરે
એહ પૂષ્પાલુપણ પ્રેમદા તે નિજ કર્ણમાં ધરે
નિરખી પ્રેમ ઉદધી ત્યાં ઉભરાઈ તો જતો

(૩)

સુત્રધાર.—

અજબ ખેલ આજે કરવાને, પ્રાણ પ્રિયા મમ સત્વર થાને
ચાલ ઉરે મમ ઉમંગ છાયો, રાયસિંહ દરબાર ભરાયો—

(૪)

વારાંગનાઓ.—

તાના નાદર દિરતોમ તુમદર દિર તોમ તનન
તાના તદરે દાની દીમ તનનનન, દીમ તનોમ, તનોમ, તનોમ–
નાદર દાની તુમ દરદાની તારેદાની દીમ દીમ
તોમ તોમ તોમ તોમ તનનનનનન
ધીકટ ધીકટ ધુમી કીટ ધિત્તા(૨)કીટ કીટી તક દીધી ગીન ધાધા (૩)

(૫)

દરબારી.—

સમજ સમજ સમજ વગર શો કેર આચરો
જુલમ જુલમ જુલમ અપાર સઘપરહરો
સારવાર પ્યારથી, પ્રજા તણી કરો
બાલ ઉપર કાળ ક્રોધની નહીં ભરો
આ રાજસુખ પ્યારૂં, તેક્ષણ નહીં રહેનારૂં
મિથ્યા ગર્વ તે તણો શું ઉરમાં ધરો.

(૬)

રાયસિંહ તથા દરબારી.—

ચુપ ચુપ લવારી નકરો મુજ સનમુખ આવી
જુલમ શું કરશે એ રૈયત બિચારી
હારોહાર રૈયતમાં, કરતા તમો પોકાર
નિમક હરામી જાઓ કરવા લાચારી
વદો વચન મુખેથી જરા દયા દીલ લાવી
વિધી વિપરીત થતાં, કુબુદ્ધિ શું આવી
થાય થાય જુલમ અપાર, નહીં જોયો જાય
જરૂર જણાય અવદશા આવી આવી

(૭)

શીવો.—

વગર સમજ વાણી રાવણે ઉર આણી
હિમ મય પુરી લંકા થૈ ગઇ ધૂલધાણી
નવલ મદ ભરેલી, નારીમાં બુદ્ધિ નાણી
નહિંનહિં નહિં લષ્ટા, અન્ય રામા પ્રમાણી

(૮)

માજન.—

કાંણુ મારે ધરેછે કોને કહું નાત જનતમાં
અહ્યા આવો જુલમ, બહુ ભરાવેછે દમ
કરો ટાક રડી ટમ, ખાઓ કડકડતા સમ
કામ કરો એકદમ, સંપો માજનની જાત
નહિં તો થાશે કરા ફાત કેમ કરશું નિરાંત
મારો પૈસાને લાત, લડો રાજા સંગાત

હેઠા બેશી આવાર, મળી કરો વિચાર
થાય જુલમ અપાર, જાશે સૌનાં ઘરબાર
નહીં રહેલગાર, લાજ કોની આવાર–કાંણુ૦

(૯)

શીવો.—

ઠારોઠાર છે આવાર, રાજા મૂરખના સરદાર
પરનારીપર જુલમ અપાર, કરતાં જોઉં ઠારોઠાર
જે અઘટિત આચાર, તેજ કરે આવાર
સારા સાર જે વિચાર, કરે નલગાર
હિન્દ તણી હાલત આવાર પડતી જોઉં પારા વાર
જે રક્ષા કરનાર તે જુલમી આવાર
પાપાચારથી લગાર ડરેના ગમાર

(૧૦)

ચંદ્રકાન્ત અને ચંદ્રપ્રભા.—

આંમરોતા મુકીશું જાઓ માતુ દયા ન આવી તમને
મુકયાં ભર દરીયા મોઝાર, રઝળતાં કીધાં અમને
સુનાં સહુ સુખ આ રાજ કેરાં, સુનાં થયાં ઘરબાર
સુનો થયો સંસાર અમારો, કીધાં નિરાધાર

(૧૧)

તારાની દાસીયો.

જાએછે કયાં તું આલી, "તારા"ની પ્રાણુ વ્હાલી
રોકો ઠગારી ગોરી, જાણું તમારી ચોરી, દીસે તું કેવી ભોળી

(૧૧)

જા જા લાજ ભારી——જાગોછે૦

અણીઆરી આંખ મારી, સૌથી છું હું રૂપાળી

છું રાધા રંગીલી નારી, વાણંદની પ્રાણપ્યારી, કીધી કાણાનીયારી

હાહા, અરે જા જા જા—મારા મોહમાં ફસાવું રાય પ્યારો

કરી કામણ નચાવું લટકાળો, ખાલી ખાલી તમે ફાંફાં મારો

થુ થુ કેવી સુરત દીસેછે નકારી, લાજારી, ધુતારી, અકારી

હાહાહાહાહાહા પ્રાણ વ્હાલી—જાએછે ક્યાં તું આલી૦

(૧૨)

તારાની દાસીઓ—

ચાલો ચાલો પ્યારી ઝપટમાં લેયે, સહુ જઇયે સહુ જઇયે

ફંદે ફસાવી કારીઘા લગાવી, તરત ભમાવી લપટ કરી લઇયે

મોહ જાળમાં મેં તો ફસાવ્યા, રાયસિંહ જેવા કંઇક ઉડાવ્યા

હું પણ કાંઇ રાખીશ બાકી, તારા કરતાં છું હું પાકી

દ્રવ્ય હરશું * * ઘર ભરશું * * ચિત હરશું * *

વારી વારી ગમત ભારી ચાલો વહેલાં થઇયે——પ્યારી-

(૧૩)

ચંદ્રકાન્ત તથા ચંદ્રપ્રભા—

ધીરજ ધારી ચિંતા વિસારી, પણ સુખ મને

નવ થાય બળેલાય હાય——ધીરજ૦

નવી માતુ બહુ રાખે ઝેર અતિ કેર વેર

પિતા બન્યો નવીનો ગુલામ ગઈ શાન ભાન

(૧૪)

વ્હાલજી અને રાધા.--

વાહ વાઃવાઃઆજ થાશે, બારે લ્હેર, ચાલોઘેર અહાહાહાહા.
પીટયા શું થાશે, આ કૃત્યોથી, કર્મો ભુલાશે,
અકળાશે, મુંઝાશે પસ્તાશે, વાહવાઃ વાઃ-
વારી જાઊંવાલા ભાઈ, તમારી શી ચતુરાઇ
બધા દેહમાં ફેલાઇ, રોકીન રોકાશે.
ઓ રાધા તું પ્યારી, છો નારી, છોગાળી
રૂપાળી વાલાજી હું તારાપર વારી

(૧૫)

તારા તથા તેની દાસી--

મનહર મુર્તી આ અવનીમાં, શાંતી ધરી વિધાયે સરજી
મલે નહીં મહા મહેનત કરતાં, ફરતાં મહીમાં ઘર ઘરજી
નમુના દાખલ નૌતમ પુતળી, વિધીના કરથી છટકી પડી
રાયસિંહ દરબાર દીપાવા, કર્મસંયોગે આવી ચડી
લજ્જા પામે દાડમ કલીયો. દાંત થકી દિન દિન પ્રત્યે
રામા રૂપ મહીં લપટાયા, રાજા રાયસિંહ પ્રીતે
સખર સખર સૈયર સૌમારી, સ્વારી મેહેલ ભણી આવી
કામતણો અવતાર પધાર્યા, કરૂણા મુજ ઉપર લાવી
સૈયાસન સંભાળ ત્વરાથી, આજ્ઞા ધરી શીર જાઊં છુ
ઝટઝટ વેલી ઝટઝટ જાતું, જલદી જલદી આવું છું
સૈયા સુધારૂં છું, ઝારીમુકાવું છું-પાણી ભરાવું છું, પાળું રખાવું છું
પંખાને લાવું છું-ગજરા ગુંથાવું છું

પુષ્પો ચુંટાવું છું-પલંગપર રખાવું છું
બારૂબા આ ચાલી-(૨)

(૧૬)

રાયસિંહ--

પ્યારી રદય મુજ વાસ કર્યો તેં, થતો અતિ પરીતાપ હર્યો તેં
ઉલટ વિચારો ધર ચિત્ત ચોરી, પ્રાણપ્યારી મમ જીવન દોરી
પ્રિય તુજ વિણ ચિત્ત ચાહે ન કોને---પ્યારી.

(૧૭)

રાયસિંહ અને તારા--

હું હમણાં આવું છું, ઉલટ વિચારો પર હર પ્રિતે
પ્રિય મનહર મુજ તન મન ધન--હું હમણાં૦
નાથ ન છોડો શીદ તરછોડો, ચપલા ચિત હરનારી
મોત વિના મરવું મુંઝાઇ, ચુપ ચુપ ચુપ, બસ બસ બસ બસ-

(૧૮)

તારા--

અંતરમાં એ હસી, પ્રિયમનહર છબી ઉરમાં વસી-ટેક
ચંદ્રવિના શોભે નહીં તારા, મમ તમ ગુણ મળતાં પ્રીય પ્યારા
વારવાર મુખ જોઇ હસી,—અંતરમાં૦
શંકા નહીં લેશ ધરો, અધરનું પાન કરો
ખુશીથી ચુમ્બન કરો, હ્રદય હસી--અંતર૦

(૧૯)

ચંદ્રકાન્ત—

ધિઃકાર તને છે ક્રુર પાપી નીચ નાર
કામાતુર થઇ નથી લાજતી લગાર-

(૧૪)

દુરાચારનો વેપાર, કરવા થઇ તૈયાર
ચુપ અવિચારી હવે થઇ હદપાર
તનમાં મનમાં જોઉં છું નેનમાં
વાસ કરી રહ્યો છે વ્યભીચાર
કામાંધ તું આવાર. ધરા કેમ સહે ભાર
આભ કેમ તુટી પડતો નથી આવાર
નીચ મનમાંહી લાજતું લગાર—ધિઃકાર૦

(૨૦)

ચંદ્રકાન્ત અને ચંદ્રપ્રભા—

હાય ભાઇરે આ શો કાળોકેર
અરેરે, અરે હાય ભાઇરે—આશો૦
મામરતાં સઉએ ગયું, બાપુ ગયા બદલાઇ
કપટ જાળ કેવી રચી, નવીએ કરી નવાઈ
હદવાળી તેં પાપીણી તારા, લાહ્ય બળે ઉરમાં અતી મારા
કદી ઘરની લગાર, ચિંતા નથી કરનાર
પીતાની નથી આવાર, પ્રીતિતણી દરકાર
પણ સહુ મરમ શરમ, કુલતણીઅરે, થાવાબેઠી જેર- ભાઇરે૦

(૨૧)

વારંગના—

દુઃખવામેં કાસે કહુ મેરી સજની
તલફ તલફ નીકસ જાત, જીયા પીયા બીના નાંહી
એક ઘડીપલછીન—દુખવામે.
નાજાનુ પીયા કોન દેશ, બીલમરહે પ્રેમદા

ફીનસોતન એરી, સખીરી સગરીરેનબાતી
તારે ગીન ગીન–દુઃખવામેં

(૨૨)

ગગારામ--

દામ ગયું દરબાર થકી, દશ વીશ પચીસ મળ્યા મહી પાજી,
મૂરખ મંત્રી નમાલ મળે, વ્યસની જન નીચની સંગત ઝાઝી
જુલ્મ કરે પરનારીપરે, લઈ લાજ કુછંદી થતા બહુ રાજી
રાજ સ્વતંત્ર સમાજ હતો, પરતંત્ર થતાં બગડી સહુ બાજી

(૨૩)

વિજયસિંહ--

રેહુ ગગન જોઇ ગભરાયો
દેખું છું અહીં તહીં અંધકાર ઠાર
ચપળા ચમકી રહી ઠાર ઠાર
બાર વાર વાણી વડે મયુરો કરે પુકાર–ટેક
મન મુંઝાય ઘન જોઈ ઘટા
ખરર ખરરરર બુંદ પડેછે ભારી
તનને ભીંજાવે નાંખે હૃદય વિદારી વારી–ગગન૦

(૨૪)

ચંદ્રપ્રભા અને તેની સખી.—

સનનનનનન સોર કરતી, છાઈ વર્ષા ક્ષિતિ મહીં
થરરરરરરર ઉર થરકે, નિરખી ચપળા નભ મહીં

ક્રા ચલાવતી કંથ અરચ્યા, નાથ ઘર નથી આસમે
વિરહી વાદલ ઉલટયાં, આ દામિની મુજને દમે–સ૦

(૨૫)

ચંદ્રપ્રભા અને તેની સખી.—

સૈયર શરદ પુનમનીરાત બહુ રળીઆમણી
હોરાજ વ્હેલા આવજો મહારાજ
વાલમ વસીયા જઇને વિદેશ નવ મુંજને ગણી હોરાજ
સમતા મમતા મેલીનાથ, નમેરા શું થયા હોરાજ
અંતર વ્હેંચી આમ શું કપટ કરો કાં આમ
અવર નથી મુજ આસમે, ઠરવા કેરૂં ઠામ
થરથર કંપુ થાકી રહી છું દહાડા ગણીગણી હોરાજ=વેહેલા૦
ઝબકી જાગી ઉઠું રાતે વાર ગણીગણી હોરાજ–વેહેલા
થાકયું ફરઆતી રોઇને, શ્યામવિના મમઆમ
કોણ કહે છાની રહે, ત્રુટી રદય કમાન
દુનીયા થઇને દાવાદાર લવારા કરે ઘણા હોરાજ
ફજેતી થઇછે મારીનાથ નથીકંઈ રહી મણા હોરાજ
હૈયે હદ છોડીહવે, પ્રાણવસ્યા પરદેશ
થાકી શુંક વલોવીને, મિથ્યામન ઉપદેશ
પ્રીતમ રંડાપડા તમે ભલે સંટા પરદેશમાં હોરાજ
વાલમ રીસે બળતી બોલું છું પણ ખમાખમા હોરાજ

(૨૬)

ચંદ્રપ્રભાની સખી.—

વાઃ ચાતુરી તારી આલી રહીઆલી
શું ભોળવે બહાદુરી વાપરી હાલી

(૧૭)

ઠીક તું ઠગતી વાલમ વગથી
અનુજ ગણી અમને તું મનથી
શું તું ગમતી પ્રેમ પરમથી
છલક......મલક......હલક
ઓળખીયે તુજને સાહેલી
મન મોહનને મળવા ઘેલી
આતુર તું થઈ છો અલબેલી
લટક......મટક......સટક

(૨૭)

ચંદ્રપ્રભા.—

થરકે હૈયું થર થર મારૂં, નિરખી નયને તમને પ્યારા
આજસુધી હું રહી અજાણી, નથી પ્રીતની રીતપ્રમાણી
ગણુતી મારૂં તમમનપ્યારૂં, વારવાર તમપરવારૂં—થરકે૦

(૨૮)

વિજય અને ચંદ્ર૦—

પ્રિયા મુજ પ્રાણુ છો વારી વારી
શોભે મુખ કાન્તી શી તારી તારી
પ્રભા થકીપામ્યો નકી, વિજય સુખ આ વાર
આનંદે ઉભરાય છે, ઉરમુજ જીવનહાર
વેલી તું નવેલી, ખરી પ્રેમથી ભરેલી
પીપા પ્રેમા મૃત પ્રેમીલી * * *
હર્યું મન પ્રાણુ તેં વારી વારી
છબી લટકાં ભરી તારી તારી
નયન થકી છુટયાં બહુ. મોહબાણુ આવાર

જખમ થયું ઉર માહરૂં. ખમા મુજ પ્રાણાધાર
રંગીલી રસીલી છબી તારી અલબેલી
પ્યારા હું છું પ્રેમ ઘેલી * * *

(૨૯)

ચંદ્રપ્રભાની સખી—

વિભુ હવે વિજય વિજય કરજો
દંપતી યુથ મળી સુખમાં વરતે, દુ:ખ સઘળાં હરજો
હૃદય પ્રભાનું વિજય વિજયના, શબ્દ થકી ભરજો

(૩૦)

વિજય૦--

ખંજર થકી મારીશ તને
ખચિત આખર તારૂં, ઘરબાળુ નવિસારૂં
શરમ શરમ મુખ જોઉં હવે કેમ તારૂં
હિંમતથી રહેજે હિચકારા, આ સ્થલ ઉલટું પલટું
હું કરીશ મારામાર, કરીશ ઝટ તોડીશ પાડીશ
દીલમહીં થતી જવાળાઓને બુઝી મારૂં

(૩૧)

ચંદ્રકાન્ત--

વનીતા વેરણ થઇને, કીધો દેશ નિકાલ
ભાર સહે ધરતી કેમ ભારે, અબલાનો આવાર
માતા પુત્ર ઉપર થઇ આશક હાય થઇ હદપાર.

(૩૨)

ચંદ્રકાન્ત.—

વ્યર્થ વિચારો પરહર પ્રીતે, મૂરખ મન તુ થામાં
સમય પ્રમાણે વરતીલેવું, ગુંચવાડે ગુંથામાં
જ્યારે દૈવફરે, ત્યારેકોણ સહાય કરે.

(૩૩)

અને કાન્તા.—

આવોજી સુભટ વીર અમ સાથ ધીર
એમકેમ બને શીદ રેવું વને, નહીં ચેન મને દુઃખ પામેતને
આશા સહુલીન થઈ રાખું સુખમાં સહી
પડે ના ચેન કંઈ, નઇજ આવો શું તઈ ના–જા–શો–જી
નથીદીઠી અવનીમાં વનીતારે
ધન્ય છે રસીલી તુજ જનેતા–આવો૦
કાં નહીં આવો ચીત ભરમાવો મારા સમ છોડી નહીં જાઓ
નહીં મુજ દાવો પણ સરમાવો છેમરજી પણ બહુ લલચાવો

(૩૪)

કાન્તા.—

પડી વડીલ વિપત કહું દુઃખવાત, થરકે છે હૈયું હજુ માતતાત,
રસ્તે લુટારૂ તણો થયો ભેટો, બહુ લડાઈ થઈ તેનીસાથ
હિંમત ન જરીએ માતુ રહીમને, નક્કી દુસ્મન એ ફાવી જાત
પણ વીર બાહુ વારેધાઈ–અસી ઉઘાડી ધરી કર માંહી
કર્યો રિપુ સહુનો માત ઘાત

(૩૫)

ફીરોસિંહ વિગેરે.—

રજપૂત વીર વિજઈ ખરો, બહાદુર બળ જોઈતમારૂ
મનમારૂં, ઉપકાર ગણો, ખરીક્ષત્રીવટ છાંયા હેઠળ
અભય કર્યું કુલ મારૂં, અમાપ ઉપકારો આ તારા
માફ કરો ઉપકાર શું મારા, ધર્મ ખરો એ ક્ષત્રી કેરો
રણથી નહીં કદી ડગનારા
વખત થયો આવાર, ચાલો ઝટ દરબાર
સોનેહળશું, મળશું, ફરશું, કરશું આનંદે દરબારે

(૩૬)

વારંગના—

જીના જાઓરે આજ કોઇ પનીયા ભરન
હારો મદમેં કહાન એક એકકું મારત પીચકારી તકતક
રોક ડગરસ્યામ કાંકરી મારત, હંગમચાવત હસત હસત
રંગ ઉડાકર શાર કરત હએ એયાં પકડ હાલી હિકોરી કરત

(૩૭)

કુંદનસિંહ—

શાબાશછે તને તારી હિંમત આવાર
વફાદાર મુજ પ્રાણના આધાર ન લગાર
ડરી ઝટ હામ ધરી જવા થયો તું તૈયાર
નીચ કર્યું બદનામ, છે હરામીનું એ કામ, થશે ધિક ઠામ ઠામ
શીદ વગોવે તું નામ, છોડે શું લગામ, નીતિની હરામ
થશે તું હેરાન, ઓનાદાન આ વાર ગમાર ફટ ફટ ફટ

(૩૮)

ચંદ્રકાન્ત—
ભ્રાયે ફરીશું, બુદ્ધિ ફરીશું, દુષ્ટા થઇશું વિનાવાંક હાયે
પિતાને ભમાવી વિદેશ કઢાવી, વિકળરે બનાવી ખુશી થઇ તું હાયે
કલંકી ઠરાવ્યો અરણ્યે ભમાવ્યો, દુ:ખેથી રડાવ્યો, બની કુલટાયે

(૩૯)

ચંદ્ર અને કાન્ત—
પ્રીય સુખકર મનહર મારા...જો અવસર નવ કર ચાળા
..........નહી મન અરપણકર બાળા...પ્રીયે મન મારૂં
વશકર તારૂં, તમપર વારૂં, નહી બનનારૂં લાચાર લાચાર...
તમે પરવરશ છો બસ બાળા........
ઠીક નરવર ચિત હરનારા........
પ્યારા પ્યારા આંખના તારા નિરખું મારા—પ્રીય સુખકર૦

(૪૦)

ગંગારામ—
લે ને તું શાક બચ્ચાજી, આવ્યો છે લાગ બચ્ચાજી
વાહ હરામી તું ઠગારા (૨) જાણું છું ચોરી કરનારા (૨)
મળીયા સર્વ લુટારા, રસ્તાપર રોકે પેરદારા
યુવાન તણા મદના ઉછાળા, પણ સમજુ છું સઘળા ચાળા
નથી ઓળખતો બચ્ચા મારા, ગંગારામ કાકાને તારા
હમણાં તારૂં માન ઉતારૂં, રાજ થકી કરી દુર

(૪૧)

ધુના.—
ધણી મારો જુગતે જાણેરે, જેને લંબો દેહ વખાણે
ગામના માણુહ પનર હતર—તત આવે ને જાય

હું ભાગવાળી જે પરણો મારો પાંસ ભાઇ પુસાય
ઘરે બેઠા સોવટું આણેરે—જેને હંધો૦
રાજાને રાણી ઘણી મારાને–પુસીને પાણી પીએ
લોક હંધામાં હવાસ એની-ભાઇ ભાઈ હઉ કીયે
મોટા મોટા માણહાં જાણેરે—જેને હંધો૦

(૪૨)

તારા તથા નેપથ્ય—

ભ્રમર મેરૂ તું કયાં રહ્યો જીવન મુજ પ્રિય પ્રાણ
અવર કમળની યારીમાં, થશે પ્રાણની હાણ
ચિંતા તજ ચતુરા હવે–જલદી જા નિરવાણ
અવર કમળ નથી આંધળું-નિશ્ચે નહીં લે પ્રાણ

(૪૩)

ચંદ્રપ્રભા.—

આજ આજ થઈ થઇ, પ્રભુ મ્હેર થઇ શાંતી થઇ બઉ તનમાં
દારૂણ દુખથી મને બચાવી, પ્રભુ પ્યારા કૃપા કરી
મુક્ત કરી બાળાસહી, થાય રૂડાં શું શુકન મને
અહીં, હર્ષાતુર મન મારૂં ઉભરાયે, સ્નેહીના ભેટા
સમજાવે, અભિષ્ટ શું મળશે, મન મહીરાચ્યું સહી.

(૪૪)

રાયસિંહ તથા તરા વીગેરે—

રૂપિ કાઢી ને દુ:ખ આજે દુર, આભારી કીધા છે પુરા
હાવેથી, ભાવેથી, પ્રીતીથી, રીતીથી
નામીશીશ સ્વામી અમો ધારી ખુશી—રૂશી૦
શુરૂ તારી કીયા ભારી, સુખાકારી.કીધી સારી
ઉરમાં નુરમાં થઈ શાંતિ શાંતિ આ........

(૪૫)

વ્હાલજી રાધા.—

હું છું રે દીવાન મારૂં મોટું માન, છો જાતે હજામ જબર છું જબર
મને આખું ગામ, કહે મહેરબાન, સૌ કરે સલામ ! !
હું રાજાની સાથ, બેસીવાલો રાત, કરે બધીવાત,
વા: વા: મારા નાથ હું તો તારી સાથ, માણો મોજી રાત

(૪૬)

ગંગારામ વિગેરે.—

નેણમાં નિદ્રાનાવેજરી મારા રામ ગયા વનવાસરે
કૃષ્ણવિનાનાં મારાં ગોકુળ સુનાંરે, મંદીરીઉં સુનું શ્રીરામરે

(૪૭)

વિજય૦ગંગારામ વિગેરે.—

બા આમ શું ધીરજ પરહરતાં, એજી બાઈરે
બા નિડર કંપતા, ધરી વિકલતા, ભિતી સંધરતા—આમશું૦
શાંતિ ધારી રાચો મન સમજી સુહાયે, મને હર્ષ ધરી રાખોનિડરતા
પ્રીયા તારી પ્રિતી સાચી છેલ છબીલી
પ્રેમી પુરી પ્યારી પામ્યો પામ્યો પ્રેમદા
પ્યારા મારા દારા શરમાવો નહીં આજે
અરે આમશું બોલી ઉચરતાં
પિડા ભારી વેઠીકારી કેદ ભોગવી, પ્રીયા મુજ માટે
શું રે એવું બોલતાં—આમ શું ધીરજ૦

(૪૮)

ગંગારામ વિજય૦વિગેરે.—

મિત્ર ધરમ ઓળખાવીયો, સંકટમાં બેશ બજાવીયો
લઈ જોગીતણો વેશ, ઠીક કાઢી નાંખી ઠેસ, આનંદનો દિન દેખાડીયો

સાચી દાખી મનુ પ્રિત, મુંનેછોડવીઉખચિત, આભારમાં આજ ડુબાવીયો
ચાલો જઇયે હવે દેશ, માનો મારો ઉપદેશ, સંઘાતે કરી તૈયારીયો
જાઓ મુક્ી ક્યાં નાથ, બાપા આવું તારી સાથ, અંતે વખત આ આવીયો
ભોગ મળ્યા મારા હાય, એમાં છુટકો ન થાય, રાંડે મુને તો મુંઝાવીયો
આવો બેટા બેહા ખાંધ, ગણીમાંતેલો સાંઢ, મીઠડીયે બેલબનાવીયો

(૪૯)

રાયસિહ.--

આવાર મુજ દિલ માંહીરે જરી ચેન નાપડે
સુન્ય દેખું રાજ સાજને સાથીઆ ક્ષણે
ભિન્ન ભિન્ન તર્કો ઉરે વ્યગ્રતા ભરે
સમજુ નહીં શા કારણે ચિત્ત મારૂંડરે
ફરી ફરી કેમ મારા મનમાં બળે--આવાર૦

(૫૦)

રાયસિહ.--

હૃદય સદ્બુદ્ધિ નહીં ધારી, મતી વિપરીત શીદ થઇ મારી
સમય હું વિકટ નજરે ભાળુ, ત્રાસથી ધ્રુજે તન મારૂં
પરદારામાં શીદ લપટાણો હાય હૃદય ભેદાય
કામ વિષય કબજે નવ કીધો, બહુ પરતાવો થાય
પ્રજાપર ત્રાસ કર્યો ભારી, થાય ઘર ઘર ચરચા મારી
રાત દિવસ એક રટણ કરીમેં વૃથા વખત ખોયો
તરૂણી તારા તારા કરતાં. આ અવસર જોયો
જોઉંછું દાર દાર ન્યાળી, જાય રિદ્ધિ સિદ્ધી મારી

(૫૧)

કાન્તા—

વ્રેહે મુંઝાઉં ભારી પ્રાણુ વિનારી મીઠી પીડમાં
નેને શ્રવે અશ્રુ વારી, હાણુ થનારી મીઠી પીડમાં
પ્રેમી જનની પીડની, પ્રેમીનેજ પીછાન
નિશદિન બાળે હૃદયને, બહુજ બની બેભાન
ચેન પડે નહીં ચિત વીશે, ક્ષણું વિના પ્રિયપ્રાણ
સ્વીકારી ક્યારે મને, હેતે પૂરે હામ

(૫૨)

કાન્તા—

વિકલ સુતા ન બનાવો
ભરમાવો તમે શું શરમાવો, અગ્નિ ઉરે સળગાવો

મન મારૂં જેથી છે મારૂં, તેથી કેમ તોડાવો
કરૂં પ્રતિજ્ઞા એ મુજ સ્વામી, અન્ય પિતાસમ જાણો

(૫૩)

હમીરસિંહ—

આહા શું કુલીન થયો કમજાત
હા થઈ અનહદ લજવી સુજાત
હીરાગણી મનહસ્ત ગૃહ્યા પણ, નિવડ્યો બિલોર કુજાત
પુત્રી કલંકિત ને કુલ મારૂં—કરવા ચહે મન સાથ

(૫૪)

હમીરસિંહ—

વિહ્‌વલ શું રાજન બનો અતુલ શિરતાજ
કરી વિમોચન સઘમનુભા, લાવશે ઘર યુવરાજ
ચંદ્રપ્રભાને લેઈ આવશે, વિજયી થશે મહારાજ

(૫૫)

ચંદ્રકાન્ત—

આફત આવી ભાવીને ભાવી ભાગ્યે સહુ કંઇ થાયે
રાચવું શું ને રોવું શું એમાં-હરી કરે તેમ થાયે
શંકા જોહ ધરો તે હું ચંદ્ર ખરેજ ખરો.

(૫૬)

કુંદનસિંહ તથા દરબારી—

રહ્યા આજે આનંદ રંગ ઝામી
સંતોશ પામ્યા સુખો વિરામ્યા
મહેર કરી, એ જગસ્વામી, સ્વામી, સ્વામી,
બન્ને કુટુંબ પ્રભુ સુખી સદૈવ કરો
અરજ કરીયે શીશ નામી, નામી, નામી

(૫૭)

રાયસિંહ—

ખરાબી કીધી મે, અનહદ સ્વહસ્તે મુજ તણી,
લુંટાવી લક્ષ્મીને, વિષય સુખ ભોગ્યું પ્રીય ગણી;
વિદેશે મેં કાઢયો સુશિલ સુત શાણો ક્રુર બની,
બહુ વિંધ્યોવેણે, અરર મતિમારી ફરી ઘણી;

(૫૮)

તારાની દાસી—

આનંદે અલી આવો, સુકંઠે સહુ ગાઓ, હળી મળી સંગ
રમો રાસ રંગ, રીઝે રસ છંદે બાગ ઉરમાં—

શું મળ્યા યાર શૉકીન પ્યારે, છબી છેલી" હાંરે હાંરે
ભોગો પ્યારે ભોગે ન્યારે, રંગી ખેલાડી રહીયાળો
સુખકારી પ્રીત ધારી ભારી, બલિહારી વારીવારી
ખરીયારી મોહન ગારી, જોઈને રાચ્યો ભારી
મદભર મનહર કુચપર કરધર રસિક મનગમતું

(૫૯)

તારા તથા મેરૂ વિગેરે—

પીયો પીયોજી મધ પ્યાલીઆ, મોજ નિશે દેશે રૂપાળી
સલુણી સંગે મોજીલા ખેલોજી, ખેલો ઉમંગમાં
રંગીન રંગમાં પ્રેમ પ્રસંગમાં—પીયો પીયોજી
લે પ્યારી આપું તુને, આ પ્યાલી મુજહસ્ત
જોબન રસ પછી લુંટીયે, મદમાતી બની મસ્ત
લાવોને પ્યારા, ચક્ષુના તારા, પ્રાણજ મારા—પીયો૦
સેંજ સમારી સ્નેહથી, કુસુમ થકી ભરપુર
સજ્યા સોળ શૃંગાર મેં, આપકાજ અનુકુળ
તમપર એવો પ્યારછે કેવો સેવોરે સેવો—પીયો૦
તારા નોતમ પ્યારથી, અધિક થયો ઉછરંગ
માણું માનતિ મોજહું, સદા રહી તુજસંગ

(૬૦)

રાયસિંહ—

ખરાબી કીધી હાય મારી અરે-કુકર્મો નડે સહુ મારાં ખરે
પડતા પાપ પ્રપંચમાં, નવકીધો કંઇ ખ્યાલ
પરદારા વિત્ત મેળવી, હૃદય થયો હું ન્યાલ—ખરાબી૦

છોડી કુંદનપુર ગયો, ચંદ્રકાન્ત સુજબાળ
હાય હુતાસન પાપની, અંતર ઉઠે ઝાળ-ખરાબી૦

(૬૧)

રાયસિંહ--

હાય થઇ અતિહાની, બની કુલટા સુજરાણી
પુરણ પ્રેમ પસારી જેસું, કર્યો જગતમાં પ્યાર
તેણે ધાર્યો નીચને યાર, કરી વ્યભિચાર મોજ માણી
સુજનો કદીપણ નવ કરસો, નારીતણો વિશ્વાસ
જેનેસદા વિષયની પ્યાસ, કરે તે નિરાશ એવું જાણી

(૬૨)

રાયસિંહ--

મનનું છોડીદે લગામ લગામ લગામ લગામરે
વનિતા વેરણ થઇને મારૂં, જગમાં ડુબાવ્યું છે નામ
સંસાર માંહી સુખનવ જોયું અંતે છોડું છું આધામ.

(૬૩)

ભાઇ--બેન--

વિરા ક્યાંથી અહીં આ અવાસમાં તુંને પ્રેમે વધાવું હુલાસમાં—
આંખો ઠરી મારી નિહાળી તુજને. ભાઇહતી હું તું વિના ઉદાસમ
પ્રભુ પ્રતાપે અહીંયા હું બેની આવી રહ્યો છું કુંદનસિંહ પાસમાં
દુઃખના દિવસ આજે દૂર થયા સૌ અંગ આનંદનમાય આભાસમાં

(૬૪)

કાન્તા અને તેની દાસી

પ્રભુ પાયે લાગીએ, કરતા, ધરતા અરજો
ઇચ્છિત સુખ ચહીં અનુરાગી—પ્રભુ૦
દેશે મનવાંચ્છિત જગસ્વામી અંતર જામી વિભુ વિશ્રામી
થાય થાય થાય દીલ ખુશ અતિથાય
આનંદ તરંગ ખુબ ઉરે છલકાય—પ્રભુ.
હિરો તેં જે પરખ્યો બાળા, ચંદ્રકાન્ત તે છે રઢિઆળા
માફ માફ માફ ચહું દોષ તણી માફ
પ્રિય કુંવરી તુંમારી ગુણિયલ સાચી—પ્રભુ૦

(૬૫)

હમીરસિંહ વિગેરે—

મને આનંદ નમાય પ્રીય કાન્ત આજ
મંડપ રચાવો રૂડોઝટ પિયુ મારા
લહો શુભ લ્હાણુ પરણાવી નિજબાળા
ચાલો પ્રીયા જઇયે કન્યાદાન દઇએ
પુર્ણ કૃતારથ થઇએ આજ–

(૬૬)

ચંદ્રકાન્ત તથા કાન્તા—

રસિકા રસવેલી તું, પ્રીય પ્યારા
મારા દીન દાસી કીધીછે આભારી
વિનય વાક્ય શાને તમ બોલો

ચંદ્ર મુખી ચહુ ચુંબન લેવા
માણો માણો લીયો સુલ્હાણો, સૌ રીતે જાણો
અર્પ્યું છે તનમન દીલખુશ પ્યારી— રસી૦

(૬૭)

ગંગારામ.—

આશું ? દિલડું આજ આનંદે ઉભરાયછે
થાશે શું? શિરતાજ, દુઃખના દહાડા વેગળા
ચિંતા ચિત્તની માંય, લેશ નથી રહી દુઃખદા
તેથી શુભ મનાય, શુકન વખત આ મુજને

(૬૮)

રાયસિંહ વિગેરે—

અરજી હમારી પ્રભુ ઉરમહીં ધરજો
કુશળ કૃપાનિધી સર્વનું કરજો
મંગળદિન પ્રભુ સદ્ય બતાવી
નિજ જન જાણી હેતે દુઃખ હરજો

(૬૯)

વારંગના.

પ્રબલ સબલ મહિપર નૃપરાજે, ગાજેછે તું ધીસ તું
ન્યાયસુ આપો દીન દુઃખ કાપો ઇંદ્રસમો ઇશતું
વિજય નગારાં ગડ ગડે, શત્રુ સકળ ભય ભરે
તુજ રાજમણિ સુજશ ધ્વની વિશ્વ સહુ વદે
નૃપ મ્હાણો સુખ લ્હાણો. પામે વાંચ્છિત રાજેશતું

(૭૮)

સર્વે.--

જય સૃષ્ટી કર સુખકર નમીયે તુજને શરણુ ગૃહીઇશ
વિશ્વપતી તારીગતિ, ગહનઅતિ, નહીંગણુના થાયે
હારેમતિ વળી નિયતી સબળ કૃતી, વિજય વતી
ચંદ્ર સમાતું નિપવ વિરને જોવિભો
ટળવી દુખને હે પતિ, ભારત ભુની ચડતી
થાયે તો રતી વિનતી અમ એજ

સમાપ્ત.

જાહેર ખબર.

અમારી પાસેથી નીચે મુજબ કિંમતની ગાયન ઓપેરાની ચોપડીઓ બાહાર પડી છે તે જે ગ… ઓને જોઈતી હશે તેને રોકડે પૈસે વાંકાનેર આ. હિત વર્ધક નાટક કંપની પાસેથી મળશે.

	કિંમત.
પ્રેમચંદ્રિકા નાટકના ઓપેરા.	૩ ૦—૨—૦
કુમુદ કિશોરી નાટકના ઓપેરા.	૦—૨—૦
વીર શિવાજી નાટકના ઓપેરા.	૦—૨—
સીતા સ્વયંવર નાટકના ઓપેરા.	૦—૨—૦
હરિશ્ચંદ્ર નાટકના ઓપેરા.	૦—૨—૦
માહારાણા પ્રતાપસિંહના ઓપેરા.	૦—૨—૦
ગોપીચંદ નાટકના ઓપેરા.	૦—૨—૦
કેદારસિંહ પરમાર નાટકના ઓપેરા.	૦—૨—૦
જગતસિંહ નાટકના ઓપેરા (છપાય છે.)	૦—૨—૦
નર્મદા નાટકના ઓપેરા (છપાય છે)	૦—૨—

ઉપરનાં પુસ્તક કંપનીના મુકામેથી તેમજ ગુજરાત તમામ નામીચા શેહેરોમાં હમારી કંપનીના દરેક એજંટો પાસેથી પણ મળશે.

વિનંતી.

પ્રયોજક.